રાજ્યના તાલુકાઓમાં વય નિવૃત્તિ, બઢતી, બદલી અને પ્રતિનિયુક્તિને કારણે ખાલી પડતી તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની જગ્યાનો હવાલો બઢતીને પાત્ર વર્ગ-૩ ના જે તે જિલ્લા મહેકમના કર્મચારીને આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ-૧૦૨૦૦૮-૬૨૩-પાર્ટ(૧)-ઝ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૫-૭-૨૦૦૮

**વંચાણે લીધોઃ-**

(૧) વિકાસ કમિશ્નર કચેરીનો પત્ર ક્રમાંકઃનમક-૧-તા.વિ.અ-ચાર્જ-વ-૨૦૦૮ તા.૨૬-૬-૨૦૦૮

(૨) વિ.ક.કચેરી ફાઇલ ક્રમાંકઃ નમક-મ.૧-ખાલી જગ્યા-વશી-૨૦૦૮

**<u>ઠરાવઃ-</u>**

ગુજરાત વિકાસ સેવા વર્ગ-૨ ના તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળની જિલ્લા પંચાયતો હસ્તકની તાલુકાઓની તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ફીડર કેડરમાં આવતા વર્ગ-૩ ના પાત્રતા ધરાવતા કર્મચારીને ચાર્જ આપીને ભરવાની દરખાસ્ત વિકાસ કમિશ્નર કચેરીના સંદર્ભ-૨ માં દર્શાવેલ ફાઇલ ઉપર રજુ કરવામાં આવેલ હતી જે ઉપર અનુમતિ મળ્યાબાદ તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ વય નિવૃત્તિ, બઢતી, બદલી, પ્રતિનિયુક્તિને કારણે રહેવા પામેલી જગ્યાઓનો ચાર્જ વર્ગ-૩ ના ફીડર કેડરમાં આવતા કર્મચારીને આપીને ખાલી જગ્યાઓ ભરવા અંગે વિકાસ કમિશ્નર કચેરીએ સંદર્ભ-૧ માં દર્શાવેલા પત્રથી નીતિ વિષયક સૂચનાઓ આપવામાં આવી છે. આ નીતિ વિષયક સૂચના ઉપર કાળજી પૂર્વકની વિચારણા બાદ અમલમાં મુકવાનું એટલે કે આ સંદર્ભની અગાઉની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની વર્ગ-૩ ના કર્મચારીને તાલુકા વિકાસ અધિકારી તરીકેનો હવાલો સુપ્રત કરી શકાતો નથી તેવી અગાઉની નીતિ વિષયક સૂચનામાં ફેરફાર કરીને હવે સંદર્ભ-૧ માં દર્શાવેલ પત્રથી આપવામાં આવેલ સૂચનાને તાત્કાલિક અસરથી અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે. આ નીતિ વિષયક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ હુકમો હવે પછી અન્ય હુકમ ન થાય ત્યાં સુધી અમલી ગણાશે.

આ વહીવટી વ્યવસ્થાના હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સક્ષમ કક્ષાએ તા.૩-૭-૨૦૦૮ ના રોજ મળેલી અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.પી.વાછાણી)
ઉપસચિવ,
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

૧. નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
૨. મા.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૩. અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૪. રહસ્ય સચિવશ્રી,મા.મંત્રીશ્રીઓ/રા.ક.મંત્રીશ્રીઓ(તમામ), સચિવાલય, ગાંધીનગર
૫. સચિવાલયના તમામ વિભાગો
૬. ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી અને હોદ્દાનીરૂએ સચિવશ્રી, ગ્રામ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર(૩-નકલ)
૭. વિકાસ કમિશ્નરશ્રી,વિકાસ કમિશ્નરશ્રીની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર (૫-નકલ)
૮. એકાઉન્ટન્ટ જનરલશ્રી(એકાઉન્ટસ), ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
૯. એકાઉન્ટન્ટ જનરલશ્રી(ઓડીટ), ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
૧૦. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
૧૧. નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
૧૨. તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
૧૩. તમામ નિયામકશ્રીઓ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી(ડીઆરડીએ) તમામ જિલ્લાઓ.
૧૪.તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
૧૫. તમામ જિલ્લા પંચાયતોના હિસાબી અધિકારીશ્રીઓ.
૧૬. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તમામ અધિકારીશ્રીઓ અને શાખાઓ.
૧૭. સિલેક્ટ ફાઇલ